# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૬ કેસ

## દહેગામ-કલોલના એક-એક દર્દીનું સારવાર દરમ્યાન મોત : ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુઆંક ૧૧

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૬ કેસ કોરોના પોઝીટીવના મળતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. આજે કોરોનાની સારવાર દરમ્યાન વધુ બે વ્યક્તીના મોત નીપજ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. આ ઉપરાંત આજે વધુ બે દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયાના સમાચારથી તંત્રમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

આજે જે ૬ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકાનો એક કેસ, દહેગામના બે કેસ અને કલોલના ૩ કેસનો સમાવેશ થાય છે.

આજે જે બે દર્દીઓના મોત નીપજ્યા છે તેમાં કલોલ અર્બનમાં નોંધાયેલ એક દર્દી જે કેન્સરથી પિડીત હતુ તેનુ ૭૫ વર્ષની વયે અવસાન થયુ છે. જ્યારે ૫૫ વર્ષની એક મહિલાનું જે દહેગામ અર્બનમાં નોંધાયેલ મહિલા હતી તેનું પણ સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. આ મહિલાને હાઈ બી.પી.ની બિમારી હતી.

જિલ્લામાં જે ૧૧ દર્દીઓના સારવાર દરમ્યાન મૃત્યુ થયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૫ દર્દી, દહેગામના ૩ દર્દી અને કલોલ તાલુકાના ૩ દર્દીઓનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના કોલવડા ગામેથી એક ૧૦ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ બાળ દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં થોડા દિવસ પહેલાં સારવાર માટે ગયો હતો. આ બાળ દર્દીને રૂપાલ પ્રા.આ. કેન્દ્રમાંથી જ સારવાર માટે રિફર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

દહેગામ તાલુકામાંથી આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ મહિલા દર્દીના નમૂના લેવામાં આવ્યા હતા અને તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ પણ કરવામાં આવેલ હતી. દહેગામ અર્બન એરિયામાં રહેતી આ મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો જોકે રિપોર્ટ આવે તે પહેલાં જ તેનું મૃત્યુ થયુ હતુ. જે હાઈ બી.પી.થી પિડાતી હતી.

આ ઉપરાંત ચેખલા પગી ગામની ઈન્દિરાનગર વસાહતમાંથી પણ એક ૪૮ વર્ષીય પુરૂષના નમૂના લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ શહેરમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જે ૩ કેસ નોંધાયા છે તેમાં એક ૭૦ વર્ષીય વૃદ્ધાનો પણ સમાવેશ થાય છે.

હાલ કલોલમાં ૪૧ કેસ કોરોના પોઝીટીવના નોંધાઈ ચુક્યા છે. કલોલમાં કોરોનાની સારવાર દરમ્યાન ૩ વ્યક્તીઓના મૃત્યુ થયા છે.

આજે કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી બે દર્દીઓ મળ્યા છે જ્યારે કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી એક દર્દી મળી આવેલ છે.

જિલ્લામાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

# શહેરમાં વધુ ૩ કેસ

## પ્રસુતિ બાદ પ્રસુતાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો તો સિવિલમાં વધુ એક સિનીયરરેસિડેન્ટ ડોક્ટરનો રિપોર્ટ પણ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં એક દિવસના વિરામ બાદ આજે વધુ ૩ કોરોના પોઝીટીવના કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલ દર્દીઓની સંખ્યા ૭૯ પર પહોંચી છે.

આજે નોંધાયેલ ૩ કેસમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે. જ્યારે વધુ એક ડૉક્ટર પણ જે સે. ૧૨માં રહે છે તેઓ સંક્રમિત થતાં આ ત્રણેયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સિનિયર રેસિડેન્ટ તરીકે ફરજો બજાવતા એક તબીબને કોરોનાના લક્ષણો જણાતાં તેમના નમૂના લઈ ચકાસવામાં આવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સે. ૧૨ માં સિનીયર રેસિડેન્ટ કોરોનાથી સંક્રમિત થવાનો આ બીજો કેસ સામે આવ્યો છે. જો કે અત્યાર સુધીમાં આમ તો સિવિલના કુલ ૪ તબીબોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આ ઉપરાંત સે. ૧૨માં એકલા રહેતા એક વૃદ્ધાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધા કેવી રીતે સંક્રમિત થયા તે અંગે તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૧૭ સ્થિત એકઝીબીશન સેન્ટર કોવિડ કેર-કોરંન્ટાઈન સેન્ટર તરીકે ઉપયોગ થઈ શકે

## રહેણાંક વિસ્તારથી દુર વિશાળ જગ્યામાં સ્થિત આ એકઝીબીશન સેન્ટરમાં એસી ડોમ અન્ય સુવિધાઓ પણ સરળતાથી ઉપલબ્ધ થઇ શકે

ગાંધીનગર તા ૨૩

ગુજરાતમાં કોરોના દર્દીઓનુ પ્રમાણ સતત વધી રહ્યુ છે. જયારે સંક્રમિત દર્દીઓને સારવાર આપવા તેમજ સંક્રમિતના સંપર્કમાં આવ્યા હોય તેવા વ્યકિતઓને કોરંન્ટાઈન કરવા માટે નવા કોવિડ તેમજ



કોરંન્ટાઈન સેન્ટરો પણ કાર્યરત કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગરમાં પણ કોબા પ્રેક્ષા, ભારતી, સે-૧૬ યુથ હોસ્ટેલ, સે-૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં કોરંન્ટાઈન સુવિધા ઉભી કરાઈ છે. આવા સંજોગોમાં શહેરના

● અનુસંધાન પાન-૭ પર

# મિલ્કતવેરો વળતર સાથે ૩૧ જુલાઈ ૨૦૨૦ સુધી ભરી શકાશે

## મેયર બાદ વિપક્ષી નેતા અને સ્થાયી સમિતિના ચેરમેને પણ પત્ર લખ્યો : મોડી સાંજે અખબારી યાદીમાં આ જાહેરાત કરાઈ : દરેક સેક્ટરોમાં કલેક્શન સેન્ટર ઉભા કરવા રજુઆત કરતા ચેરમેન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મિલ્કતવેરા વળતર સાથે ભરવાની મુદત ૩૧-૭-૨૦૨૦ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

આજે સાંજે આ અંગે મનપાના કોઈપણ અધિકારીની સહિ વગર જારી કરાયેલ અખબારી યાદીમાં આ જણાવાયુ છે.

જે કરદાતાઓએ સને ૧૯-૨૦ સુધીનો સંપૂર્ણ ટેક્ષ-સેષ-વેરા-વ્યાજ વગેરે ભરેલ હોય અને માંગણુ શૂન્ય કરાવેલ હોય અને ૨૦૨૦-૨૧નો મિલ્કતવેરો તા. ૩૧ જુલાઈ ૨૦૨૦ સુધી ભરવા માંગતા હોય તો જ તેમને આ વેરામાં ૧૦ ટકા રિબેટ આપવામાં આવશે.

આ યાદીમાં જણાવ્યા મુજબ ૨૦૧૯-૨૦ના વર્ષમાં એડવાન્સ ટેક્સ રિબેટ યોજનાનો ખૂબજ સારો પ્રતિસાદ મળેલ અને ૨૯ હજાર જેટલા કરદાતાઓએ આ યોજનાનો લાભ લીધો હતો. ચાલુ વર્ષે ૨૦૨૦-૨૧માં પણ મહત્તમ કરદાતાઓ ૧૦ ટકા રિબેટની

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરમાં ઘટાદાર વૃક્ષોનો દબદબો હંમેશાથી રહ્યો છે. વિકાસના કામો માટે અનેક વૃક્ષો કાપી નાંખવામાં આવ્યા હોવા છતાં હજુ આપણે ત્યાંથી વૃક્ષોની જાહોજલાલી ખૂબ ઓછી થઈ નથી. વન વિભાગ દ્વારા તો દર ચોમાસે વૃક્ષોનો ઉછેર કરવામાં આવે જ છે પરંતુ આપણે ત્યાં ઘર આંગણે પણ ઘણા વૃક્ષોનો ઉછેર કરવામાં આવે છે. દરેક ઋતુમાં વૃક્ષોની ઝાંય એક અલગ જ આભા ઉભી કરે છે. વૈશાખ માસની સવારે વૃક્ષોનુ બદલાતુ સ્વરૂપ મનને પ્રસન્નતાથી ભરી દે છે.

# દર્દીને રજા અપાયા બાદ ૨૮ ના બદલે ૧૪ દિવસમાં કન્ટેનમેન્ટ ઝોન મુક્ત કરવો જોઈએ

## સેકટરોમાં કન્ટેનમેન્ટ ઝોન વધુ : વિસ્તાર પણ જરૂર પુરતો જ કોર્ડન કરાય તે અનિવાર્ય : કોરોનાકાળમાં બે મહીનાથી લોકડાઉનમાં રહેતા નાગરિકો હવે સ્વયંશિસ્તમાં

ગાંધીનગર તા ૨૩

શહેરમાં હાલ લોકડાઉનમાં છુટછાટ આપવામાં આવી છે. જયારે શહેરના સેકટરોમાં કન્ટેનમેન્ટ ઝોન પણ વધુ છે. જેમાં હજારો નાગરિકો કન્ટેનમેન્ટ ઝોનમાં છે. સેકટરમાં દર્દી આવે ત્યારબાદ તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવ્યા બાદ ૨૮ દિવસના અંતે પણ કોઈ નવો કેસ ન આવે તો તે વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુકત કરવામાં આવે છે. હાલ શહેરના સે-૨,૩, ૭ સે-૮ સે-૨૨ સે-૨૪, સે-૨૭, સે-૨૧ સે-૨૩ સહીતના વિસ્તારોમાં કન્ટેનમેન્ટ ઝોન છે. જયારે કેટલાક વિસ્તારો લાંબા સમયથી કન્ટેનમેન્ટ ઝોનમાં છે. મેડીકલ કાઉન્સિલની ગાઈડલાઈન મુજબ કન્ટેનમેન્ટ ઝોનમાં નિયમોનુ પાલન કરવામાં આવી રહ્યુ હોવાનુ પણ સુત્રો જણાંવી રહ્યા છે. જેમાં દર્દીને રજા અપાયા બાદ ૨૮ દિવસ સુધી કન્ટેનમેન્ટ ઝોન યથાવત રહે છે. આવા સંજોગોમાં શહેરમાં લાંબા સમયથી કન્ટેનમેન્ટ ઝોનમાં આવતા વિસ્તારને મુકત કરવામાં આવે તેવી માંગ પણ નાગરિકો કરી રહ્યા છે. શહેરમાં કોરોના દર્દીઓનુ સંક્રમણ વધતા નાગરિકો બે મહીનાના અંતે આમ પણ કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી જયારે સેકટરમાં સોશિયલ ડીસ્ટન્સીંગનુ પણ પાલન કરવામાં આવી રહ્યુ છે. કોરોના સાથે જીવવાનુ હોવાથી આ મુદ્દે નાગરિકો સ્વયં શિસ્તમાં રહેવા માટે ટેવાઈ ગયા છે. આવા સંજોગોમાં કન્ટેનમેન્ટ ઝોનમાં દર્દીને રજા અપાયા બાદ ૨૮ દિવસના બદલે ૧૪ દિવસમાં કન્ટેનમેન્ટ ઝોનમાંથી વિસ્તારને

● અનુસંધાન પાન-૭ પર



ગરીબ વર્ગ માટે હાલનો સમયગાળો પસાર કરવો ખૂબ જ અઘરો બની રહ્યો છે. દરરોજ કમાઈને દરરોજ ખાનારાઓ માટે લોકડાઉનનો સમયગાળો જીવનનો સૌથી કપરો સમય રહ્યો. હવે લોકડાઉનમાં છૂટછાટ મળી છે ત્યારે આ શ્રમિકો ક્યાંય મજૂરી મળે કે કેમ તે શોધી રહ્યા છે. પેડલ રીક્ષામાં આખા પરિવારને બેસાડી કામ શોધવા નીકળેલા આ શ્રમિક પરિવાર પાસે ન તો માસ્ક છે ન તો સેનેટાઈઝર તેમના માટે ઈશ્વર જ પાલનહાર છે.

# જિલ્લામાં તીડના આક્રમણ સામે ખેતીવાડી તંત્ર હરકતમાં આવ્યુ

## સૌરાષ્ટ્ર તરફના તીડનું એક ટોળુ છુટુ પડી ગયાનું અને મહેસાણા બાજુથી પણ તીડ આવી રહ્યાનું અનુમાન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં તીડના આક્રમણને લઈ તંત્રએ તાબડતોબ કાર્યવાહી હાથ ધરી છે. આજે તંત્રની ટીમે ગાંધીનગર તાલુકાના દશેલા ગામે મુલાકાત લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે આ તીડ સૌરાષ્ટ્ર જતા ટોળામાંથી છુટા પડી શક્યા હોઈ તેવુ મનાય છે. અહિ જિલ્લાના ગાંધીનગર તાલુકાના જે ગામોમાં તીડ દેખાયા તેની સંખ્યાનું પ્રમાણ ઓછુ હોઈ આવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત મહેસાણા જિલ્લા બાજુથી તીડ જે આવી રહ્યા હોવાની વાત છે તેને લઈ તંત્રએ કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને સતર્ક રહેવા તેમજ નિયંત્રણ માટે દવાનો છંટકાવ ગ્રામસેવક અથવા તંત્રની ટીમના પરામર્શમાં રહી કરવા પણ જણાવ્યુ છે.

જિલ્લાતંત્રએ તીડ નિયંત્રણની આ આફતને લઈ દવાનો જથ્થો પણ મેળવી લીધો છે.

ખેડૂતો દ્વારા તીડ ઉડાડવા માટે થાળી વગાડવા ઉપરાંત ઢોલ વગાડવા સહિતના ઉપાયો હાથ ધર્યા છે.

જિલ્લામાં ખેતીને નુકશાન નહિ હોવાનું હાલ તંત્રનું અનુમાન છે. જો કે તેઓ પરિસ્થિતિ પર સંપૂર્ણ નજર રાખી રહ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

તીડના આ આક્રમણને લઈ તંત્ર અન્ય જિલ્લાઓના પણ સતત સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે. જો કે આજે તીડના સંદર્ભમાં ઓછી ફરિયાદો મળી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# લોકડાઉન-૪ના ચાર દિવસમાં રાજ્યમાં જનજીવન થાળે પડ્યું

## લોકડાઉનમાં શરતો-નિયમોને આધીન અપાયેલી છુટના પરિણામે ઉદ્યોગ-વેપાર, આર્થિક પ્રવૃત્તિ વેગવાન બની રાજ્યમાં ૩ લાખ ઉદ્યોગો પુનઃ કાર્યરત થયા : રૂપાણી

અમદાવાદ,તા.૨૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકડાઉન-૪ના અમલમાં કેટલીક શરતોને આધિન આપેલી છૂટછાટોને પગલે જનજીવન પૂર્વવત થવા લાગ્યું છે. કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં વેપાર-ઊદ્યોગ, ખાનગી ઓફિસો, ધંધા-રોજગાર ફરીથી ધબકતા થવા લાગ્યા છે. એટલું જ નહિ, નાગરિકોએ સ્વયં શિસ્ત જાળવીને, સોશિયલ ડિસ્ટન્સીંગ, ફરજીયાત માસ્ક, ભીડભાડ ન કરવા સહિતના નિયમો સાથે રોજીંદી પ્રવૃત્તિઓ પણ શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપી હતી. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩ લાખ જેટલા ઊદ્યોગોએ ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને તેના પરિણામે અંદાજે ૨૫ લાખ વ્યકિતઓ, શ્રમિકો, કામદારો, કર્મચારીઓને રોજગારી મળી છે. તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીના સચિવે કહ્યું કે, રાજ્યમાં વેપાર-ઊદ્યોગો ફરીથી પૂર્વવત થવા લાગ્યા છે તેના પરિણામે અત્યાર સુધીમાં ૭૫૦૦ મેગાવોટ વીજળીનું કન્ઝમ્પશન-ખપત થઈ છે. આ કન્ઝમ્પશન એટલે કે ખપત સામાન્ય સંજોગોમાં થતી સરેરાશ-એવરેજ ખપતના ૮૨ ટકા જેટલી છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં વેપાર, ઊદ્યોગો, રોજગાર પ્રવૃત્તિઓ માટે તબક્કાવાર જે છૂટછાટો આપી તેની વિગતો પણ અશ્વિનીકુમારે આપી હતી. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, તા.૨૦મી એપ્રિલથી નગરપાલિકા, મહાપાલિકા હદ વિસ્તાર સિવાયના ગ્રામીણ વિસ્તારોમાં ઊદ્યોગો પૂનઃ કાર્યરત કરવાની છૂટ અપાઈ હતી. તા.૨૫મી એપ્રિલથી એવા ઊદ્યોગો- એકમો જેમની પાસે એકસપોર્ટ ઓર્ડર હાથ પર હોય અને લોકડાઉનમાં કામગીરી અટકી હોય તેવા કન્ટેઈનમેન્ટ ઝોન બહારના વિસ્તારોના ઊદ્યોગોને શરૂ કરવા મુખ્યમંત્રીએ છૂટ આપી હતી. એટલું જ નહિ, તા.૩ મે થી રાજ્યની જૂનાગઢ, જામનગર મહાપાલિકા, સહિત ૧૫૬ નગરપાલિકા વિસ્તારોમાં પણ નિયમોના પાલન સાથે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com